# શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન,પેટલાદ

## વર્ષ: 2020 - 2021

## વાર્ષિક અહેવાલ



## અનુક્રમણિકા



| ક્રમ નં. | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | સંસ્થા પરિચય | 3 |
| ૨. | ગુરુપૂર્ણિમા દિનની ઉજવણી | ૫ |
| ૩. | શિક્ષક દિનની ઉજવણી | ૫ |
| ૪. | પરિચય પરીવારનો કાર્યક્રમ | ૫ |
| ૫. | પ્રવેશોત્સવ કાર્યક્રમ | ૬ |
| ૬. | 15 મી ઓગસ્ટની ઉજવણી | ૭ |
| ૭. | વિદાય સમારંભ | ૭ |
| ૮. | પરામર્શન પાથેય કાર્યક્રમ | ૯ |
| ૯. | 26 મી જાન્યુઆરીની ઉજવણી | ૧૦ |
| ૧૦. | IITE વર્કશોપ ઓન રિફ્લેક્ટીવ રીડિંગ | ૧૦ |
| ૧૧. | પાઠ આયોજન, ક્વિઝ સ્પર્ધા, રમત ગમત - IITE | ૧૦ |
| ૧૨. | IQAC - IITE : Zonal NAAC Orientation Workshop | ૧૧ |
| ૧૩. | પાઠ આયોજન કાર્યશાળા | ૧૨ |
| ૧૪. | એમ.એડ. ઇન્ટર્નશિપ | ૧૩ |
| ૧૫. | આંતરરાષ્ટ્રીય મહીલા દિવસની ઉજવણી | ૧૪ |
| ૧૬. | આઝાદીનો અમૃત મહોત્સવ | ૧૫ |
| ૧૭. | વિદાય સમારંભ | ૧૭ |
| ૧૮. | સુવર્ણ જયંતિ કાર્યક્રમ | ૧૮ |
| ૧૯. | આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી | ૧૯ |

# સંસ્થા પરિચય

પ્રહલાદપુરી, પંપાપુરીના પ્રાચીન અને પવિત્ર નામથી પ્રસિદ્ધ એવા ગાયકવાડી રાજ્યમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરનારી તેમજ ઉદ્યોગ ધંધાર્થીએ જુના વડોદરા રાજ્યનું માન્ચેસ્ટર અને વિદ્યાક્ષેત્રે ગુજરાતનું કાશી ગણાતી પેટલાદનગરીનું ઐતિહાસિક તેમજ સંસ્કાર ક્ષેત્રે ઘણું મહત્વનું સ્થાન રહ્યું છે. એવી આ પાવન  તપોભૂમિમાં પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.એડ કોલેજ પેટલાદે વર્ષ 1970થી જ્ઞાનયજ્ઞ આદર્યો.જેમાં સંસ્થાના આદ્યસ્થાપક અને પ્રમુખ રાજ મિત્ર દાતાર સ્વ.રમણલાલ કેશવલાલ પરીખે તેના શ્રીગણેશ કર્યા અને તેમના સ્વર્ગાગમન બાદ સંસ્થાના પૂર્વપ્રમુખ સૌજન્યમૂર્તિ શેઠશ્રી સ્વ.અમૃતલાલ રમણલાલ પરીખે  તેની ધૂરા સંભાળી તે દરમિયાન વર્ષ 1996માં આ કોલેજને ચરોતરના ભામાશા એવા સ્વ. શ્રી ઇન્દુભાઇ પટેલનો સહયોગ સાંપડ્યો તેમના ધર્મપત્ની શારદાબેનના સંભારણામાં શ્રીમતિ શારદાબેન ઈન્દુભાઈ પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન નામથી આ સંસ્થાનું નવું નામાધિકરણ થયું. આ સંસ્થા તાલીમાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહી છે. ઉચ્ચ શિક્ષણની આ પુનિત વિકાસયાત્રા  , વિકાસ ગાથામાં IITE સંગાથે આ રચનાત્મક કાર્ય પ્રગતીના પંથે આગળ વધી રહી છે.



સ્વ.રમણલાલ પરીખ



સ્વ.અમૃતલાલ પરીખ



સ્વ.ઇન્દુભાઇ પટેલ

## શ્રીમતી એસ.આઈ. પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન પરિવાર

### કાર્યકારી આચાર્ય

ડૉ. યોગેશભાઈ આર.પરમાર

### સંસ્થા પરિવાર

ડૉ.નયનાબેન શુક્લ

ડૉ.પુરુષોત્તમભાઈ શાહ

ડૉ.કામેન્દુભાઈ ઠાકર

ડૉ.દિપીકાબેન ચૌધરી

ડૉ.મયંકભાઈ પટેલ

ડૉ.શ્વેતાબેન ચૌહાણ

કુ.પુનમબેન  દાદવાણી- એડહોક

શ્રી રાકેશભાઈ  ભટ્ટ- ગ્રંથપાલ

શ્રી  ચેતનભાઇ શાહ-ક્લાર્ક

બ્રિજેશભાઈ સોલંકી-સેવક ભાઈ

## ગુરુપૂર્ણિમા દિનની ઉજવણી

સંસ્થા દ્વારા તારીખ: 06/07/2020 સોમવારના રોજ સમગ્ર તાલીમાર્થીઓ સાથે ઓનલાઇન કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનશ્રી માનનીય રમેશભાઈ ઠાકર સાહેબે તાલીમાર્થીઓને ગુરુપૂર્ણિમાનું મહત્વ , જીવનમાં ગુરૂનું સ્થાન વગેરે જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી ખૂબ જ અસરકારક પ્રવચન આપ્યું હતું . કાર્યક્રમના અંતે સંસ્થાના કાર્યકારી આચાર્ય શ્રી ડૉ.યોગેશભાઈ આર . પરમાર સાહેબે ગુરુ પૂર્ણિમાના મહત્વ વિશે તાલીમાર્થીઓને સમજ આપી સર્વેનો આભાર માન્યો હતો અને શિક્ષક ધર્મ અને વ્યવસાયસજ્જતા પ્રામાણિકતા , આપણી નિષ્ઠા સાથે આજીવન ચાલવાનું આહવાન કર્યું હતુ. આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્ય શ્રી ડૉ.યોગેશભાઈ પરમાર તથા સમગ્ર સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા.

## શિક્ષક દિનની ઉજવણી

સંસ્થા દ્વારા શિક્ષક દિનની ઉજવણી તારીખ: 05/09/2020ના રોજ ઓનલાઇન માધ્યમ દ્વારા કરવામાં ઉજવવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી એસ . આઈ. પટેલ ઇપ્કોવાલા કોલેજ ઓફ કોમર્સના આચાર્યશ્રી ડો . રાજેશભાઈ મોદી સાહેબે આશિર્વચન પાઠવ્યા હતા . કાર્યકારી આચાર્યશ્રી ડો.યોગેશભાઈ પરમાર સાહેબે શિક્ષકધર્મ અને વિવિધ દૃષ્ટિકોણથી આ દિવસનું મહત્વ સમજાવીને તાલીમાર્થીઓ શિક્ષકની ફરજો અંગેની એક નવી પ્રેરણા પૂરી પાડી હતી .તેમજ સંસ્થા સ્ટાફ પરિવારે તાલીમાર્થીઓને શિક્ષક દિનની શુભેચ્છાઓ પાઠવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પરિચય પરિવારનો કાર્યક્રમ

પરિચય પરીવારનો કાયયક્મ આયોજન આઈ.આઈ.આઇ.ટી.ઈ યુનિવર્સિટી , ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યુ હતુ.જેમાં આઈ.આઈ.આઇ.ટી.ઈ. યુનિવર્સિટી સાથે જોડાયેલ ગ્રાન્ટ ઇન એડ બી.એડ કોલેજો તેમજ તમામ ડાયેટ બી.એડ જોડાયા હતા.આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્ય ડૉ.યોગેશ પરમાર સાહેબે સંસ્થાનો પરિચય ઓનલાઈન પ્રેઝન્ટેસન દ્વારા આપ્યો હતો.આ કાર્યકમમાં સંસ્થાના સૌ અધ્યાપકશ્રીઓ જોડાયા હતા.

# પ્રવેશોત્સવ કાર્યક્રમ

કોલેજમાં તારીખ: 21/09/2020 ને સોમવારે બપોરે 12:00 કલાકે સંસ્થાનો પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો વર્ષ 2020 થી ગુજરાત રાજ્યની તમામ ગ્રાન્ટેડ બી.એડ કોલેજ તથા ડાયટ કોલેજો એમ કુલ 59 કોલેજોને ગુજરાત સરકાર દ્વારા આપણા ભારતવર્ષના પનોતા પુત્ર અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન ના અનુસંધાને ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા(IITE), ગાંધીનગર ની સ્થાપના થઈ તેમાં ચાલુ વર્ષે આ તમામ કોલેજોને સદર યુનિવર્સિટીમાં ભેળવી દેવામાં આવી આ યુનિવર્સિટીએ આ વર્ષે જે તાલીમાર્થીઓને પ્રવેશ આપ્યો તે તાલીમાર્થીઓનું નો વિધિવત રીતે શિક્ષણકાર્યની શરૂઆત આજરોજથી કરવામાં આવી જેના અનુસંધાને આજે ડિજિટલ પ્લેટફોર્મ પર એટલે કે Google Meet દ્વારા વર્ચ્યુઅલ પ્રવેશોત્સવ ઊજવવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત અધ્યાપક ડૉ . કામેન્દુ ઠાકર દ્વારા પ્રાર્થનાથી કરાવાવામાં આવી જેના શબ્દો હતા ગમે તે સ્વરૂપે... કાર્યકારી આચાર્યશ્રી ડૉ. યોગેશ પરમારે ભાવિ શિક્ષક બનવા જઈ રહ્યા છે તેવા તાલીમાર્થીઓને પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું કે શિક્ષક બનવું એ એક દુર્લભ ઘટના છે અને શિક્ષક જ એક એવી ઉમદા વ્યક્તિ છે કે જે માણસને માણસ બનવા માટેના કાર્યમાં ફ્રેન્ડ ફિલોસોફર અને ગાઈડ તરીકેની ભૂમિકા અદા કરે છે સંસ્થાના સિનિયર અધ્યાપિકા ડૉ.નયનાબેન શુકલે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન થકી સંસ્થાનો સુંદર પરિચય આપ્યો. અધ્યાપિકા ડૉ. શ્વેતાબેન ચૌહાણે સ્ટાફ પરીચય આપ્યો ત્યારબાદ કાર્યક્રમના અતિથિ વિશેષ એવા શ્રી આર.પી અનડા કોલેજ ઓફ એજ્યુકેશન , બોરસદના કાર્યકારી આચાર્યશ્રી ડો . જીતેશ તલાટીએ તાલીમાર્થીઓને આશીર્વચન પાઠવતા કહ્યું કે શિક્ષક એ આજીવન વિદ્યાર્થી બની રહેવો જોઈએ અને તો જ તે ઝળહળતો દિપક સાબિત થાય. તેઓશ્રીએ વિદ્યાર્થીને ભાવિ જીવનની સફળતા માટેની શુભેચ્છા પાઠવી જોગાનુજોગ તે જ સંસ્થાના પૂર્વ પ્રાચાર્ય ડૉ. નઝીરભાઈ વ્હોરા પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા તેઓશ્રીએ સદર સંસ્થાની ગૌરવ ગાથાને ગાતાં સંસ્થાની આ કામગીરીને બિરદાવી વિદ્યાર્થીને ભાવિ જીવનની સફળતા માટેની શુભેચ્છા પાઠવી હતી. ડૉ. કામેન્દુ ઠાકરે કાર્યક્રમના અંતે કાર્યક્રમની શોભા અને સફળતા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલા તમામનો શબ્દે આભાર માન્યો હતો સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્થાના અધ્યાપિકા ડૉ. દિપીકાબેન ચૌધરીએ કર્યું હતું.




## 15 મી ઓગસ્ટની ઉજવણી

સંસ્થા પરિવારના અગ્રણીઓની ઉપસ્થિતમાં 15મી ઓગસ્ટની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ પ્રોફેસર મહેશચંદ્ર યાજ્ઞિક સાહેબે ધ્વજવંદન કરાવી વિદ્યાર્થીઓને ભારતની ગૌરવ ગાથા જણાવતા મૂલ્યનિષ્ઠ બનવા માટે આહ્વાન કર્યું હતું . કોવિડ પરિસ્થિતિને ધ્યાને લઈ સોશીયલ ડિસસ્ટન્સ જાળવીને સૌએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.ત્યારબાદ સૌ છુટા પડયા હતા.

## વિદાય સમારંભ

કોલેજમાં તારીખ: 05/11/2020 ગુરુવારના રોજ લેબ હમાલ તરીકે સેવા આપનાર શ્રી અનિલભાઈ સોલંકીના વય નિવૃત થતા વિદાય સમારંભ તથા સત્યનારાયણ દેવની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ પ્રો. ડૉ. એમ.કે.યાજ્ઞિક સાહેબ ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી હતી..સન્માન પત્ર વાંચન અધ્યાપિકા ડૉ. નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યુ હતુ તથા

સંસ્થા પરીવાર તરફથી સ્મૃતિભેટ અર્પણ કરાઇ હતી.સંસ્થાના કાર્યકારી આચાર્ય ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમની આભારવિધિ અધ્યાપક ડૉ.મયંકભાઈ પટેલસાહેબે કરી હતી.આ કાર્યક્રમનું સંચાલન અધ્યાપિકા ડૉ.દિપીકાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સૌ અધ્યાપક ગણ તથા ઓનલાઇન માધ્યમથી પ્રશિક્ષણાર્થીઓ પણ જોડાયા હતા.











## પરામર્શન પાથેય કાર્યક્રમ -સંસ્થા મુલાકાત

કોલેજમાં તારીખ: 06 /11/2020 શુક્રવારના રોજ આઈ.આઈ.ટી.ઈ. ,ગાંધીનગરના માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઇ પટેલ સાહેબે પરામર્શન પાથેય કાર્યક્રમ અંતર્ગત નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ સંદર્ભે સૂચનો મેળવવા તેમજ ચર્ચા માટે સંસ્થાની મુલાકાત લીધી હતી અને સૌને સુભેચ્છા પાઠવી હતી. તથા વ્યક્તિગત સ્ટાફ પરિચય મેળવ્યો નૂતન આયોગો સાથે બી.એડ નો અભ્યાસક્રમ ચલાવી આઈ.આઈ.ટી.ઈ.ના વિદ્યાર્થીની આગવી ઓળખ મળે સાથે બી .એડના અધ્યાપકશ્રીઓનું અલગ વ્યક્તિત્વ સન્માનની નોંધ લેવાય , ટેકનોલોજીના ભરપૂર ઉપયોગ થકી તાલીમાર્થીઓ અને અધ્યાપકશ્રીઓ માટે ટીચર ટ્યુન, હેલો ટ્યુન કાર્યક્રમો તથા અધ્યાપક સન્માન કાર્યક્રમોથી સૌને માહિતગાર કર્યા . આ સમયે ભગીની સંસ્થાના આચાર્યશ્રી ડો. વિમલભાઈ જોષી સાહેબ,ડો.રાજેશ ભાઈ મોદી સાહેબ તથા ટ્રસ્ટ પરિવારમાંથી વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ પ્રોફેસર મહેશચંદ્ર યાજ્ઞિક સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.








**26 મી જાન્યુઆરીની ઉજવણી**

સંસ્થા પરિવારના અગ્રણીઓની ઉપસ્થિતમાં 26 મી જાન્યુઆરીની ઉજવણી કરવામાંઆવી હતી. આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના કેમિસ્ટ્રી વિભાગના નિવૃત થતા સેવક ભાઈ હીરજીભાઈ રબારીના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યકમ કરવામાં આવ્યો હતો . કોવિડ પરિસ્થિતીને ધ્યાને લઈ સોશીયલ ડિસસ્ટન્સ જાળવીને સૌએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.ત્યારબાદ સૌ છુટા પડયા હતા.

**IITE વર્કશોપ ઓન રિફ્લેક્ટીવ રીડિંગ**

કોલેજમાં તારીખ: 02 /01/2021 શનિવારના રોજ આઈ.આઈ.ટી.ઈ. , ગાંધીનગર આયોજીત વર્કશોપ ઓન રિફ્લેક્ટીવ રીડિંગમાં મુખ્ય વકતાશ્રી ડો.એમ.એ.ચોટલિયા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યકમમાં સૌ અધ્યાકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓ ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા.

**પાઠ આયોજન, ક્વિઝ સ્પર્ધા, રમત ગમત - IITE**


આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગરના ઉપક્રમે તારીખ: 24/01/2021 રવિવારના રોજ પાઠ આયોજન હરીફાઈનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓ વિશાલભાઈ ગાડિલુહાર તથા શાહિનબાનુ પઠાણે ભાગ લીધો હતો.ક્વિઝ સ્પર્ધા માં કોલેજના પઠાણ શાહિન એચ ., વાલ્મિક યોગેશ તથા શેખ તેહસીન ભાગ લીધો હતો અને ત્રીજા રાઉન્ડ સુધી પહોંચ્યા હતા. તાલીમાર્થીઓની

આ સફળતા પાછળ અધ્યાપકશ્રી ડો.કામેન્દુ ઠાકર સાહેબ તથા અધ્યાપિકા ડો.દિપીકાબેન ચૌધરીનો સિંહ ફાળો રહ્યો હતો. આઈ.આઈ.ટી.ઈ.ના ઉપક્રમે રમત ગમતનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓએ ભાગ લીધો હતો.













**IQAC - IITE : Zonal NAAC Orientation Workshop**

આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગર આયોજીત IQAC - IITE : Zonal NAAC Orientation Workshop નું તારીખ:26/02/2021ને શુક્રવારના રોજ એન . એચ . પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન આણંદમાં આયોજન કરવામાં આવ્યુ હતુ . NAAC વિભાગો અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉપસ્થિત સંસ્થાઓના અધ્યાપકશ્રીઓને જુદા જુદા ગ્રૂપમાં વહેંચી મનોમંથન કરવામાં આવ્યું હતું અને દરેક વિભાગમાંથી નિચોડ સ્વરૂપે નેક સંદર્ભે વિભાગ મુજબ સૂચનો કરવામાં આવ્યા હતા. નેક સંદર્ભે આઈ.આઈ.ટી.ઈ.ના માનનીય કુલપતિશ્રી ડૉ.હર્ષદભાઈ પટેલ સાહેબ દ્વારા પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યકારી આચાર્યશ્રી તથા સૌ અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.








## પાઠ આયોજન કાર્યશાળા

કોલેજમાં તારીખ: 05/03/2021ને શુક્રવારના રોજ પાઠ આયોજન કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં તાલીમાર્થીઓ વિવિધ કૌશલ્યો , પ્રવિધિ, પ્રયુક્તિ, પદ્ધતિ, ક્યારે ? ક્યાં ? કેમ

ઉપયોગ કરવો તે અંગે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું . સંપૂર્ણ દિવસ તાલીમાર્થીઓ પોતાના વિષય પદ્ધતિમાં પાઠ આયોજન કર્યું. સૌ અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યુ હતુ.














**એમ.એડ. ઇન્ટર્નશિપ**

કોલેજમાં તારીખ: 05 /03/2021 થી 18 /03/2021 સુધી એમ.એડ. ઇન્ટર્નશિપ , શિક્ષણ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ઇન્ટર્નશીપમાં આવેલ તાલીમાર્થીઓએ નિયમિત અધ્યાપન કાર્ય તથા જરૂરી સહઅભ્યાસિક પ્રવૃતિઓનું આયોજન પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં સરદાર પટેલ યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના અધ્યાપકશ્રી ડૉ. એચ.એલ.રાઠવા સાહેબ સંસ્થાની મુલાકાત લઇ તાલીમાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.




## આંતરરાષ્ટ્રીય મહીલા દિવસની ઉજવણી

કોલેજમાં તારીખ: 09/03/2021 મંગળવારે આંતરરાષ્ટ્રીય મહીલા દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં " મહીલા અને વિજ્ઞાન" વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી સાથે-સાથે એકપાત્રીય અભિનય અને સ્લોગન હરિફાઈનું પણ આયોજન કરવામાં આવ્યું. મહાન મહિલાઓ અને મહિલાઓનું મહત્વ સમજાવતા મુદ્દાઓ લઈને બહેનોએ અભિવ્યક્તિ રજૂ કરી મહિલા જાગૃતિ અંગે પ્રેરણા પૂરી પાડી હતી . હરિફાઈમાં પ્રથમ-નિસર્ગ વાઘેલા , દ્વિતીય-મુનજ્જાજબીન મલેક તથા તૃતીય- શ્રેયા પંડ્યા આવ્યા હતા.







## આઝાદીનો અમૃત મહોત્સવ

કોલેજમાં તારીખ: 18/03/2021 ગુરુવાર ના રોજ સંસ્થામાં આઝાદીનો અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત લોકગીત અને વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરાયું એમ.એડ. , સરદાર પટેલ યુનિવર્સિટીના તાલીમાર્થીઓના સહયોગથી આ કાર્યક્રમ વધુ સફળ રહ્યો. લોકગીત સ્પર્ધા માં પ્રથમ-ધ્રુવીશા રાઠવા,દ્વિતીય-પાયલ વાઘેલા તથા વેશભૂષા સ્પર્ધામાં પ્રથમ-શ્રેયા પંડ્યા ,દ્વિતીય-શાહીનબાનુ કુરેશી આવ્યા હતા.
















Petlad, Gujarat, India
104, shivay arcade, road, near collage, Police Quarters, Dantali, Petlad, Gujarat 388450, India
Lat N 22° 28' 36.75"
Long E 72° 48' 43.9848"
18/03/21 02:51 PM
Napa Petlad Rd
Google

## વિદાય સમારંભ

કોલેજમાં તારીખ: 14/06/2021 સોમવારના રોજ વય નિવૃત થતા શ્રી કાલીદાસ એસ. મહિડાના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ શ્રી સતિષભાઈ મોદી તથા શ્રી હસમુખભાઈ મિસ્ત્રીએ મુખ્ય મહેમાનની ભૂમિકા ભજવી હતી અને તેમનું ભાવિ જીવન સુખમય આરોગ્યપ્રદ રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી . આ પ્રસંગે શ્રી કાલીદાસ ભાઈનો સમગ્ર પરિવાર હાજર હતો.સન્માન પત્ર વાંચન અધ્યાપિકા ડૉ. નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યુ હતુ તથા સંસ્થા પરીવાર તરફથી સ્મૃતિભેટ અર્પણ કરાઇ હતી.સંસ્થાના કાર્યકારી આચાર્ય ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે શુભેચ્છા પાઠવી હતી. અધ્યાપક ડૉ. પીડી.શાહ સાહેબે પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું.કાર્યક્રમની આભારવિધિ ડૉ. કે.આર.ઠાકર સાહેબે કરી હતી.આ કાર્યક્રમનું સંચાલન અધ્યાપિકા ડૉ.દિપીકાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સૌ અધ્યાપક ગણ તથા ઓનલાઇન માધ્યમ દ્વારા પ્રશિક્ષણાર્થીઓ પણ જોડાયા હતા.






## સુવર્ણ જયંતિ કાર્યક્રમ

કોલેજમાં તારીખ: 14/06/2021 સોમવારના રોજ પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ ના ૭૫ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે એજ્યુકેશન ટ્રસ્ટ હિરક જયંતિ મહોત્સવ ઉજવી રહ્યું છે તેમજ શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન તથા  શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ કોમર્સના ૫૦ વર્ષ પૂર્ણ થયા હોવાથી સંસ્થા સુવર્ણ જયંતિ ઉજવી  રહી છે તે નિમિત્તે બંને કોલેજના સંયુક્ત ઉપક્રમે સર્વધર્મ પ્રાર્થના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ શ્રી વ્રજેશભાઈ પરીખ સાહેબ  ઉપસ્થિત રહી સૌને શિક્ષણની ધરોહર આગળ વધારવા પ્રોત્સાહિત કર્યા હતા અને શુભેચ્છાઓ પાઠવી હતી.આ કાર્યક્રમમાં સાયન્સ કોલેજના આચાર્ય ડૉ.વિમલભાઈ જોશી સાહેબ ,કોમર્સ કોલેજના આચાર્ય ડૉ.રાજેશભાઈ મોદી સાહેબ તથા બી. એડ કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે પ્રસંગોચિત ઉદબોધન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં કોમર્સ કોલેજના અધ્યાપક ડૉ.સી.જે.તન્ના સાહેબે સંસ્થાનો પરિચય આપી શુભેચ્છાઓ પાઠવી હતી તથા અધ્યાપક શ્રી જે.એમ.પટેલ સાહેબ   આભાર દર્શન કર્યું હતુ.  આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અધ્યાપિકા   ડૉ.દિપીકાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં સૌ અધ્યાપકશ્રીઓ તથા સંસ્થામાં અભ્યાસ કરતા તથા દેશ વિદેશમાં સ્થાયી થયેલ વિદ્યાર્થીઓ  વર્ચ્યુઅલ માધ્યમથી આ કાર્યક્રમમાં જોડાયા હતા.












## આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

કોલેજમાં તારીખ: 21/06/2021સોમવારના રોજ સાતમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.સંસ્થાના અધ્યાપિકા ડૉ.દિપીકાબેન ચૌધરીએ યોગની વિશેષતાઓ અંગે પ્રસંગોચિત ઉદબોધન  કર્યું હતું.યોગ ટ્રેનર હિતેશભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ સૌ આ કાર્યક્રમમાં જોડાયા.કાર્યક્રમની આભારવિધિ અધ્યાપિકા ડૉ. નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવી.આ કાર્યક્રમમાં કાર્યકારી આચાર્ય ડૉ. યોગેશભાઈ પરમાર, અધ્યાપક ગણ  તથા ઓનલાઈન માધ્યમથી સૌ પ્રશિક્ષણાર્થીઓ જોડાઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




આભાર

---------------------------------------